## એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્સીસ

### એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, અમદાવાદ.

ધો. ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) પછીનાં વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો (ડીગ્રી/ડિપ્લોમા) માં સીધા પ્રવેશ અંગે ઘણી વ્યક્તિઓ/એજન્ટો/સંસ્થાઓ દ્વારા લલચામણી જાહેરખબર પ્રસિદ્ધ કરીને વિદ્યાર્થીઓ અને વાલીઓને સંચાલક મંડળની બેઠકો પર પ્રવેશ બાબતે ગેરમાર્ગે દોરવાના પ્રયત્નો કરવામાં આવે છે. આ સંજોગો આગોતરી રીતે નિવારી શકાય તે હેતુથી સમગ્ર વિદ્યાર્થી વાલી સમુદાયને તાકિદ કરવાની કે, ગુજરાત રાજ્યમાં આવેલી AICTE તેમજ યુનિવર્સિટી માન્ય ડીગ્રી/ડિપ્લોમા ઈજનેરી તથા ફાર્મસી સંસ્થાઓની પ્રવેશ કાર્યવાહી એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્સીસ, એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, અમદાવાદ દ્વારા આ જ સ્થળે તેમજ નિયત સમયે કરવામાં આવશે.

સંચાલક મંડળની બેઠકો પરની પ્રવેશ કાર્યવાહી મેરિટના ધોરણે સંસ્થા દ્વારા ACPC દ્વારા જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ જ કરવાની રહેશે તથા પ્રવેશયાદીને ACPC દ્વારા પ્રમાણિત પણ કરાવવાની રહેશે. માત્ર ACPC દ્વારા પ્રમાણિત યાદીને જ યુનિવર્સિટી ધ્વારા એનરોલ કરવામાં આવશે.

સ્વનિર્ભર સંસ્થાઓ ધ્વારા સંચાલક મંડળની બેઠકો ભરવા માટે આપવામાં આવતી જાહેરાતને પણ ACPC ની વેબસાઈટ પર મૂકવામાં આવે છે. આથી, વિદ્યાર્થીઓ તથા વાલીઓને કોઈપણ એજન્ટો/સંસ્થાઓની લોભામણી જાહેરાતોથી ગેરમાર્ગે ન દોરવાઈ આ સંબંધી કોઈપણ પૃચ્છા માત્ર પ્રવેશ સમિતિ ખાતે નીચે મુજબના ફોન નંબર પર જ કરવા જણાવવામાં આવે છે.

ડીગ્રી ઈજનેરી તથા ડીગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો માટેનો પ્રવેશ કાર્યક્રમ, સંબંધિત તારીખો, માન્ય સંસ્થાઓની યાદી વિગેરે વિસ્તૃત માહિતી ***www.jacpcldce.ac.in*** વેબસાઈટ પરથી ઉપલબ્ધ થશે. ડીગ્રી ઈજનેરી તથા ડીગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોના પ્રવેશ અંગેની માહિતી માટે ફોન : ૨૬૩૦૪૧૧૮, ૨૬૩૦૦૩૬૦ નો સંપર્ક પણ કરી શકાશે.

ચેયરમેન

**ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES**

L.D. College of Engineering Campus, Ahmedabad

Misleading advertisements by individuals/agents/institutes are appearing in news papers for direct admission in professional courses (degree/diploma) on the management seats. As a matter of caution to the students and the parents, it is brought to the kind attention of all concerned that admission process for AICTE approved and University affiliated degree/diploma courses in engineering/pharmacy colleges in the State of Gujarat is solely undertaken by the Admission Committee for Professional Courses, L.D. College of Engineering Campus, Ahmedabad within the prescribed time limit.

On Management seats the admission process will be carried out by the respective institute purely on merit basis and as per the guidelines issued by the ACPC. The admission list should be got endorsed by the ACPC. Only the list endorsed by ACPC will be enrolled by the University.

The advertisement published by respective institutes for admission in management seats is also uploaded in the ACPC website. All concerned are hereby informed that instead of going through the misleading advertisements; contact the ACPC on the phone No.26304118, 26300360. Detailed information is available in our website **www.jacpcldce.ac.in**

**Chairman**